અપીલ અરજી નં.૧૧૭ તા.૩૦–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પ્રણવભાઈ મગનભાઈ પટેલ

સામાવાળાઃ–(૧)ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી(ગાર્ડન પ્રો. વિભાગ)

(૨) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રણવભાઈ મગનભાઈ પટેલની તા.૫–૫–૧૦ નીઅરજીથી પુણાગામના તળાવના વિકાસની સંપુર્ણ માહિતી (૧) કઈ રીતે વિકાસનું આયોજન છે? (૨) તળાવ કેટલુ ઉંડુ કરવાના છે?/ પાણીનો સંગ્રહ કેટલું કરવાનું આયોજન છે. (૩) તળાવનું બાંધકામ કઈ રીતે કરવાનું છે?/ કેટલા સ્કવેર મીટરનું તળાવ ફાઈનલ છે. (૪) સ્ટેન્ડીંગના ઠરાવની નકલ. (૫) ટેન્ડર પાસ થયું હોય તેની નકલ અને કોને ટેન્ડર આપવામાં આવેલ.(૬) તળાવ કાયમી માટે પાણીથી ભરવાનું આયોજન શું છે. (૭) આ આયોજન કયા સમયગાળા દરમ્યાન કરવાનું છે? (૮)ઉપરોકત તમામ કામની પેપર વર્કની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૭/૨૦૧૦–૧૧

શ્રી પ્રણવભાઈ મગનભાઈ પટેલની તા.૫–૫–૧૦ નીઅરજીથી પુણાગામના તળાવના વિકાસની સંપુર્ણ માહિતી (૧) કઈ રીતે વિકાસનું આયોજન છે? (૨) તળાવ કેટલુ ઉંડુ કરવાના છે?/ પાણીનો સંગ્રહ કેટલું કરવાનું આયોજન છે. (૩) તળાવનું બાંધકામ કઈ રીતે કરવાનું છે?/ કેટલા સ્કવેર મીટરનું તળાવ ફાઈનલ છે. (૪) સ્ટેન્ડીંગના ઠરાવની નકલ. (૫) ટેન્ડર પાસ થયું હોય તેની નકલ અને કોને ટેન્ડર આપવામાં આવેલ.(૬) તળાવ કાયમી માટે પાણીથી ભરવાનું આયોજન શું છે. (૭) આ આયોજન કયા સમયગાળા દરમ્યાન કરવાનું છે? (૮) ઉપરોકત તમામ કામની પેપર વર્કની નકલની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૩ તા.૫–૭–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી(ગાર્ડન પ્રોજેકટ વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી હાઉસીંગ/આ.નં.૩૫૩ તા.૧૪–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, ગાર્ડન સુપ્રિ.શ્રી તરફથી પ્રોજેકટ ઓફિસર (સ્પે) અને તમામ જાહેર માહિતી અધિકારીને પીપીજી/આ.નં.૧૬૦ તા.૧૧–૫–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૮૩ તા.૫–૫–૧૦ થી ગાર્ડન સુપિ. ગાર્ડન પ્રોજેકટ વિભાગ મુખ્ય કચેરી સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ.અરજદારની મુળ અરજીની નકલ, સ્પે પ્રોજેકટ ઓફિસર ગાર્ડન પ્રોજેકટ સેલ સુરત મહાનગરપાલિકા તરફથી અરજદારને પાઠવેલ પત્ર નં.પીપીજી/આ.નં.૪૯ તા.૧૮–૫–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને અરજી કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ૮૩ તા.૫–૫–૧૦ થી ગાર્ડન સુપ્રિ. ગાર્ડન પ્રોજેકટ વિભાગને અને કાર્યપાલક ઈજનેર ગાર્ડન સેલને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના જાહેર સત્તા મંડળનું જ કાર્યક્ષેત્ર જોતાં સીધી ગાર્ડન પ્રોજેકટ વિભાગમાં તેના જવાબદાર અધિકારીને રવાના કરવી જોઈતી હતી. ગાર્ડન સુપ્રિ. અને જાહેર બાગ બગીચા તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૧૬૦ તા.૧૧–૫–૧૦ થી પ્રોજેકટ ઓફિસર (સ્પે) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. સ્પે. પ્રોજેકટ ઓફિસર ગાર્ડન પ્રોજેકટ સેલ તરફથી પત્ર નં.પીપીજી/આ.નં. ૪૯ તા.૧૮–૫–૧૦ થી નિર્દિષ્ટ સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અરજદાર તરફથી તા.૩૦–૬–૧૦ ના રોજ પ્રોજેકટ ઓફિસર તરફથી કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી સંદર્ભ હેઠળના પત્ર અન્વયે વિષયોકત બાબતેની અરજદારને માહિતી પૂરી પાડવામાં આવે છે. મુદ્દા નં. (૧) કઈ રીતે વિકાસનું આયોજન છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પુણા ગામમાં આવેલ હયાત તળાવની ફરતે કંપાઉન્ડ વોલ , વોક–વે તથા એન્ટ્રી ગેટ બનાવવાનું આયોજન છે.તેવું જણાવેલ છે. (૨) તળાવ કેટલુ ઉંડુ કરવાના છે?/ પાણીનો સંગ્રહ કેટલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હયાત તળાવની ઉંડાઈ વધારવાની કાર્યવાહી કરવામાં આવનાર નથી તેવું જણાવેલ છે. (૩) તળાવનું બાંધકામ કઈ રીતે કરવાનું છે?/ કેટલા સ્કવેર મીટર. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સૌપ્રથમ હયાત તળાવની ફરતે કંપાઉન્ડવોલ બનાવવાનું આયોજન છે. સદર તળાવનો કુલ વિસ્તાર ૧૪૪૯૯ ચો.મી. છે. તેવું જણાવેલ છે. (૪) સ્ટેન્ડીંગના ઠરાવની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સ્ટેન્ડીંગ કમિટિના ઠરાવની નકલ અંગે એ/૪ સાઈઝના પેપર ફી રૂા..૨/– લેખે ૧ પેપર્સની કિંમત રૂા.૨/– ગાર્ડન પ્રો.સેલ વિભાગમાં જમા કરાવશો. ત્યાર બાદ આપશ્રીને નકલ આપી શકાય. તેવું જણાવેલ છે. (૫) ટેન્ડર પાસ થયું હોય તેની નકલ અને કોને ટેન્ડર આપવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઈજારાદારનું ટેન્ડરની નકલ અન્વયે એ/૪ સાઈઝના પેપર દીઠ રૂા.૨/– લેખે કુલ ૧૮૧ પેપર્સની કિંમત રૂા.૩૬૨/– ગાર્ડન પ્રો.સેલ વિભાગમાં જમા કરાવ્યા બાદ ટેન્ડરની નકલ આપી શકાશે. તેવું જણાવેલ છે.

(૬) તળાવ કાયમી માટે પાણીથી ભરવાનું આયોજન શું છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં તળાવમાં કાયમી રીતે પાણી રહેતું હોય તળાવ ભરવા અંગે હાલમાં કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ નથી. (૭) આ આયોજન કયા સમયગાળા દરમ્યાન કરવાનું છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્રશ્ન અંગે સ્પષ્ટતા થતી નથી. (૮) ઉપરોકત તમામ કામની પેપર વર્કની નકલની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતના તમામ પેપર વર્કની નકલ અંગે એ/૪ સાઈઝના પેપર દીઠ ૨/– લેખે કુલ ૪૬૫ પેપર્સની કિંમત રૂા.૯૩૦/– ગાર્ડન પ્રો. સેલ કચેરીએ જમા કરાવશો. ત્યાર બાદ તમોને તમામ પેપર વર્કની નકલ આપી શકાય. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાયેલ છે. પરંતુ તે મોકલ્યાના આધાર રજૂ કરેલ નથી. તેમજ અરજદારે પણ કોઈ નિર્ણય નહીં મળ્યા હોવાનું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી લાગત જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારને માહિતીની નકલ મળેલ ન હોય પુનઃ પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી ગાર્ડન પ્રોજેકટ સેલને જણાવવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ગાર્ડન પ્રોજેકટ વિભાગ) તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ... ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી પ્રણવભાઈ મગનભાઈ પટેલ,